प्रકરણ : ૨૪

# સિદ્ધોના ભેદ

## પ્રકરણની રૂપરેખા

| | | |
|---|---|---|
| ☼ પ્રાસ્તાવિક | ૫. તીર્થ | ૧૦. અંતર |
| ૧. ક્ષેત્ર | ૬. ચારિત્ર | ૧૧. સંખ્યા |
| ૨. કાળ | ૭. પ્રતિબોધ | ☼ ઉપસંહાર |
| ૩. ગતિ | ૮. જ્ઞાન | |
| ૪. લિંગ | ૯. અવગાહના | |

(હરિગીત)

तादात्मयादुपयुक्तास्ते केवलज्ञानदर्शने ।
सम्यक्त्वसिद्धतावस्था हेत्वभावाच्च निष्क्रिया: ॥
प्रत्युत्पन्ननयादेशात्तत: प्रज्ञापनादपि ।
अप्रमत्तैर्बुधै: सिद्धा: साधनीया यथागमम् ॥
काललिंगगतिक्षेत्रतीर्थज्ञानावगाहनै: ।
बुद्धबोधितचारित्रसंख्याल्पबहुतान्तरै: ॥



ભાવાર્થ : આત્મ પ્રદેશોના પરિસ્પંદનના અભાવરૂપ નિષ્ક્રિય અવસ્થામાં લોકાગ્રે સ્થિત રહેનારા અને સર્વપ્રકારના કર્મકલંકોથી સર્વથા મુક્ત થનારા સિદ્ધ કહેવાય છે. આવા સિદ્ધ ભગવંતો પરમ ક્ષાયિક સમ્યક્ત્વ, કેવળજ્ઞાન, કેવળદર્શન જેવા ગુણોમાં તન્મય થઈને રહે છે. તેથી ગુણસ્વભાવની અપેક્ષાએ સર્વ સિદ્ધ ભગવંતો સમાન છે અને તેઓમાં કોઈ ભેદ નથી. (ગાથા ૪૩)

તોપણ સાવધાન વિદ્વાન મનુષ્ય આગમાનુસારના [1]પ્રત્યુત્પન્ન નયો અને [2]પ્રજ્ઞાપન નયોની અપેક્ષાએ સિદ્ધોમાં પરસ્પર ભેદ સાધી શકે છે. (ગાથા ૪૨)

સિદ્ધોમાં આ રીતના ભેદ એ ઉપચરિત ભેદ છે. અને આ ભેદ માટે ૧, ક્ષેત્ર, ૨. કાલ, ૩. ગતિ, ૪. લિંગ, ૫. તીર્થ, ૬. ચારિત્ર, ૭. બુદ્ધબોધિત એટલે કે પ્રતિબોધ ૮. જ્ઞાન, ૯. અવગાહન, ૧૦. અંતર, ૧૧. સંખ્યા અને ૧૨. અલ્પબહુત્વ જેવી બાબતોનો ઉપયોગ કરવામાં આવે છે.(ગાથા ૪૧)

(તત્ત્વાર્થસાર : અધ્યાય ૮ : મોક્ષ અધિકાર : ગાથા ૪૩, ૪૨, ૪૧)


સિદ્ધ દશા એ આત્માની પરમ પવિત્ર વીતરાગી શુદ્ધ અવસ્થા છે. શુદ્ધ અવસ્થા હંમેશા એકજ પ્રકારની હોય છે અને તેમાં કોઈ પ્રકાર કે ભેદ હોતા નથી. સર્વ સિદ્ધભગવંતો પોતાના પરમ ક્ષાયિક સમ્યકત્વ, અનંતજ્ઞાન, અનંત દર્શન જેવા અનંત આત્મિક ગુણોની પરિપૂર્ણ પ્રગટતા ધરાવે છે. આત્માના અનંતાનંત ગુણોના અનંત સામર્થ્યની એક સરખી પરિપૂર્ણ પ્રગટતા અનંત સિદ્ધ ભગવંતો એક સમાનપણે ધરાવે છે. તેથી દરકે સિદ્ધ ભગવંતો એક સમાનપણે પોતાના સુખ, શાંતિ, સમાધિ આદિનું વેદન કરે છે. સિદ્ધ ભગવંતોમાં કોઈ પણ પ્રકારે નાના-મોટા ઉચ્ચ-નીચ જેવું કાંઈ છે જ નહીં. સિદ્ધ ભગવાનની અવગાહના ચરમદેહ અનુસાર નાની-મોટી હોય છે. તોપણ તેમના આત્મપ્રદેશો અને તેઓનું સુખ, જ્ઞાન, વીર્ય વગેરે એકસમાન જ છે. સંસારી જીવોમાં જે પ્રકારે ભેદ સંભવે છે તે પ્રકારે સિદ્ધ ભગવંતોમાં કોઈપણ ભેદ સંભવતો નથી, સિદ્ધ ભગવાનની કોઈ સંજ્ઞા કે નામ પણ નથી કે જેથી એક સિદ્ધ ભગવાનને બીજા સિદ્ધ ભગવાનથી જુદા ઓળખી શકાય. આ રીતે સિદ્ધોમાં કોઈ ભેદ હોતો નથી.

બધાં સિદ્ધ ભગવંતો એક સરખા હોવાથી ભેદરહિત છે પરંતુ છદ્મસ્થજીવો ભેદ દ્વારા જ સિદ્ધ ભગવાનનું સ્વરૂપ વધુ સારી રીતે સમજી શકે છે. તેથી સિદ્ધ ભગવાનનું સ્વરૂપ વધુ સ્પષ્ટપણે સમજાવવા માટે તેનો ભેદ કરવાનો પ્રયાસ સાવધાન વિદ્વાનોએ આગમાનુસાર કર્યો છે. અને આ માટે ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય જેવા પ્રત્યુત્પન્ન નયોનો તેમજ નૈગમનય, સંગ્રહનય અને વ્યવહારનય જેવા પ્રજ્ઞાપન નયોનો પ્રયોગ કે ઉપયોગ કરવામાં આવે છે. સિદ્ધોમાં આ પ્રકારની ભેદ કલ્પના એ ઉપચાર માત્ર છે, વાસ્તવિક નથી.

સિદ્ધ ભગવાનનું તલસ્પર્શીસ્વરૂપ સમજવા માટે આ ભેદ કોઈક રીતે ઉપયોગી જણાય છે. તેથી સિદ્ધોના સ્વરૂપને સમજયા પછી પણ આ સ્વરૂપને ફરી વધુ સારી રીતે સમજવા માટે આ ઉપચરિત ભેદો ઉપયોગી છે. ઉપચરિત વ્યવહારનયે સિદ્ધોમાં બાર પ્રકારની બાબતોના આધારે ભેદોનું નિરૂપણ કરવામાં આવે છે. આ રીતે સિદ્ધોના જે બાર ભેદો કરવામાં આવે છે તે પૈકી અલ્પબહુત્વનું નિરૂપણ જે તે ભેદમાં સાથે લઇ લેવાથી બાકીના અગીયાર ભેદો આ પ્રકારે છે ---

૧. ક્ષેત્ર ૨. કાળ ૩. ગતિ ૪ લિંગ ૫. તીર્થ
૬. ચારિત્ર ૭. પ્રતિબોધ ૮. જ્ઞાન ૯. અવગાહના
૧૦. અંતર ૧૧. સંખ્યા

સિદ્ધોના ભેદના આધારભૂત ઉપરોક્ત દરેક બાબતની વ્યાખ્યા. નિશ્ચય નયની અપેક્ષાએ ભેદ હોતા નથી અને વ્યવહાર નયની અપેક્ષાએ ભેદ હોય છે તેવી નય વિષેની માહિતિ. જે તે ભેદની સમજૂતી અને તે ભેદ વિષેનું અલ્પબહુત્વ આ નીચે આપવામાં આવે છે.


સમ્મેદશિખર

### ૧. ક્ષેત્ર

વ્યાખ્યા : **સિદ્ધ દશા પ્રગટ થવાના સ્થળ કે સ્થાનને ક્ષેત્ર કહે છે.**

નય : **નિશ્ચય નયની અપેક્ષાએ સિદ્ધ દશા પ્રગટવાનું ક્ષેત્ર નિજ આત્માના પ્રદેશોનું સ્વક્ષેત્ર જ છે. તેથી નિશ્ચય નયે ક્ષેત્રના આધારે સિદ્ધોના કોઈ ભેદ નથી. પણ વ્યવહાર નયની અપેક્ષાએ સિદ્ધ દશા પ્રગટવાનું ક્ષેત્ર આકાશના કોઈ પ્રદેશોમાં હોય છે. તેથી વ્યવહાર નયે ક્ષેત્ર અપેક્ષાએ સિદ્ધોના ભેદ છે.**

ક્ષેત્રભેદની સમજૂતી : **ક્ષેત્ર અપેક્ષાએ પાંચ ભરત, પાંચ ઐરાવત, અને પાંચ વિદેહક્ષેત્ર મળીને કુલ પંદર ક્ષેત્રોના કર્મભૂમિમાં જન્મેલ આર્ય મનુષ્યો તે ક્ષેત્રમાંથી મોક્ષ પામે છે. આ ઉપરાંત કર્મભૂમિના કોઈ મોક્ષગામી મહાત્માનું કોઈ દેવાદિ દ્વારા [૩]સંહરણ થાય તો મનુષ્ય ક્ષેત્રના અઢી દ્વીપના વિસ્તારમાંથી કોઈપણ જગ્યાએથી જીવ મોક્ષ પામે છે. આ રીતે અઢી દ્વીપના સમસ્ત વિસ્તારમાંથી જીવો મોક્ષે ગયેલાં છે.**

અલ્પબહુત્વ : **કર્મભૂમિના મોક્ષસન્મુખ મહાત્માને કોઈ દેવાદિ દ્વારા અન્ય ક્ષેત્રમાં લઈ જઈ સંહાર કરવામાં આવે અને તેવા સંહરણ પામેલા જીવો સિદ્ધદશાને પામે તેને સંહરણ સિદ્ધો કહે છે. કર્મભૂમિમાં જન્મેલા અને કર્મભૂમિમાંથી જ મોક્ષ પામતા જીવોને જન્મ સિદ્ધો કહે છે. સંહરણ સિદ્ધો કરતાં જન્મ સિદ્ધો અસંખ્યાતગણા અધિક હોય છે. જન્મ સિદ્ધોમાં પણ કર્મભૂમિના ભરત અને ઐરાવત ક્ષેત્ર કરતાં વિદેહક્ષેત્રમાંથી વધુ જીવો સિદ્ધ થાય છે.**



સિદ્ધક્ષેત્ર : **સામાન્ય રીતે કર્મભૂમિના આર્યક્ષેત્રમાંથી જીવો સિદ્ધ દશાને પામે છે. આ ક્ષેત્રમાં પણ જ્યાંથી તીર્થંકર ભગવાન અને બીજા મુનિઓ મોટા પ્રમાણમાં મોક્ષે જતા હોય તેવા ક્ષેત્રને સિદ્ધક્ષેત્ર કહે છે. આપણા ભરતક્ષેત્રનું સમ્મેદશિખર એ એક શાશ્વત સિદ્ધક્ષેત્ર છે. સામાન્ય રીતે તીર્થંકરો ત્યાંથી મોક્ષ પામે છે. આ ઉપરાંત કૈલાસ, ચંપાપુરી, પાવાપુરી, ગિરનાર, તારંગા, પાવાગઢ, શત્રુંજય, ગજપંથા, તુંગીગિરિ, સોનાગિર, રેવાતટ, સિદ્ધવરકૂટ, બડવાની, પાવાગિરિ, દ્રોણગિરિ, મેઢગિરિ, કુંથુગિરિ, કોટિશિલા, રેસંદીગિરિ, મથુરાપુરી જેવા સિદ્ધક્ષેત્રો પ્રસિદ્ધ છે.**

### ૨. કાળ

વ્યાખ્યા : **સિદ્ધ દશા પ્રગટ થવાના સમય કે વેળાને કાળ કહે છે.**

નય : **નિશ્ચય નયની અપેક્ષાએ જીવ પોતાના સ્વકાળે એક સમયમાં જ શીઘ્ર ગતિ વડે મોક્ષ પામે છે. તેથી નિશ્ચય નયે કાળ અપેક્ષાએ સિદ્ધોના કોઇ ભેદ નથી.**

**વ્યવહાર નયની અપેક્ષાએ ભરત અને ઐરાવત ક્ષેત્રમાંથી મોક્ષ જનારા જીવો સામાન્યપણે અવસર્પિણીના ચોથા અને ઉત્સર્પિણીના ત્રીજા કાળે તેમ જ વિદેહ ક્ષેત્રમાંથી કોઇ પણ કાળે જીવો મોક્ષે જાય છે. આ રીતે વ્યવહાર નયે કાળ અપેક્ષાએ સિદ્ધોના ભેદ છે.**

કાળભેદની સમજૂતી : **હુંડાવસર્પિણી કાળના પ્રભાવે ક્યારેક અપવાદરૂપ કિસ્સામાં અવસર્પિણીના ત્રીજા કાળના અંતમાં કે પાંચમાં કાળની શરૂઆતમાં પણ મોક્ષે જનારા જીવો હોય છે. વર્તમાન હુંડાવસર્પિણી કાળમાં આ રીતે પ્રથમ તીર્થંકરના પુત્ર બાહુબલિ, પ્રથમ તીર્થંકર ઋષભદેવ અને તેમના પ્રથમ ગણધર વૃષભસેન ચોથા કાળ શરૂ થયા પહેલા ત્રીજા કાળના અંતમાં મોક્ષે ગયા છે. અને એ જ રીતે ચોથા કાળમાં જન્મેલા અને ત્યાર પછીના પાંચમાં કાળની શરૂઆતમાં ગૌતમસ્વામી, સુધર્માસ્વામી અને જંબુસ્વામી મોક્ષે ગયા છે. અવસર્પિણીના પહેલા, બીજા, પાંચમાં અને છઠ્ઠા**


કાળે જન્મેલા જીવો મોક્ષને પાત્ર નથી. વિદેહક્ષેત્રમાં કાયમ માટે અવસર્પિણીના ચોથા કાળ જેવો કાળ હોય છે અને ત્યાં કાળ પરિવર્તન હોતું નથી. તેથી ત્યાંથી સર્વકાળે જીવો સિદ્ધ દશાને પામે છે. વિદેહક્ષેત્રમાં જન્મેલ મોક્ષસન્મુખ જીવ નિર્વાણ પામતા કોઇ દેવાદિ દ્વારા બીજા ક્ષેત્રમાં સંહરણ પામે અને ત્યાં મોક્ષને યોગ્ય કાળ ન હોય તોપણ તે જીવ ત્યાંથી મોક્ષપામે છે. આ રીતે કોઇ પણ મનુષ્ય ક્ષેત્રના કોઇ પણ કાળે જીવ મોક્ષ પામી શકે છે.

અલ્પબહુત્વ : ભરત અને ઐરાવત ક્ષેત્રના ઉત્સર્પિણી કાળમાં મોક્ષ પામતા જીવો કરતાં અવસર્પિણી કાળમાં મોક્ષ પામતા જીવોની સંખ્યા વધુ હોય છે. વિદેહ ક્ષેત્રમાંથી સૌથી વધુ જીવો મોક્ષ પામે છે. તે ભરત અને ઐરાવત ક્ષેત્ર કરતાં અસંખ્યાતગણા વધુ હોય છે.

### ૩. ગતિ

વ્યાખ્યા : **જીવની જે કોઈ સ્થિતિ કે અવસ્થા હોય તે તેની ગતિ છે. મોક્ષ એ જીવની શાશ્વત સ્વાભાવિક સ્થિતિ હોવાથી તે પણ એક ગતિ છે.**

સામાન્ય રીતે ગતિ નામકર્મના ઉદયને કારણે થતી સંસારી જીવની અવસ્થાવિશેષને ગતિ કહે છે. સંસારી જીવની ચાર પ્રકારની ગતિ-- મનુષ્ય, નારકી, દેવ અને તિર્યંચ છે. આ ચાર પ્રકારની ગતિથી વિલક્ષણ એવી પાંચમી ગતિ એ મોક્ષ છે. મોક્ષ એ ગતિનામકર્મના અભાવથી ઉત્પન્ન થતી શુદ્ધ જીવની ઊર્ધ્વગતિપૂર્વકની શાશ્વત સ્વાભાવિક સ્થિતિ હોવાથી તે પણ એક ગતિ જ છે.



નય : નિશ્ચયનયની અપેક્ષાએ મોક્ષ પામતા જીવની એક જ ગતિ —મોક્ષ ગતિ— છે. તેથી તે અપેક્ષાએ મોક્ષપ્રાપ્ત સિદ્ધોની ગતિમાં કોઈ ભેદ નથી. વ્યવહારનયની અપેક્ષાએ મોક્ષ પહેલાના [૪]*અનંતર પૂર્વભવ*ની અપેક્ષાએ બધા જીવો મનુષ્ય ગતિમાંથી જ સિદ્ધ દશાને પ્રાપ્ત થાય છે. [૫]*એકાંતર* ગતિની અપેક્ષાએ સંસારની ચારેય ગતિના જીવો મનુષ્ય થઈને મોક્ષ પામી શકે છે. આ બાબત ગતિ અપેક્ષાએ સિદ્ધોના ભેદ છે.

ગતિભેદની સમજૂતી : મનુષ્ય ગતિમાંથી જ મોક્ષ છે. મનુષ્ય ગતિમાંથી મોક્ષે જનારો જીવ કર્મભૂમિના આર્યક્ષેત્રમાં ઉત્પન્ન થયેલો મનુષ્ય હોય છે. એકાંતર ગતિની અપેક્ષાએ ચારેય ગતિમાંથી મોક્ષ હોય છે.

અલ્પબહુત્વ : બધાં જીવો મનુષ્ય ગતિમાંથી જ મોક્ષે જનારા હોવાથી ગતિ અપેક્ષાએ સિદ્ધોના ભેદમાં કોઈ અલ્પબહુત્વ બની શકતું નથી. તોપણ મોક્ષ પામતા મનુષ્ય પૂર્વેના ભવ એટલે કે એકાંતર ભવની રીતે જોઈએ તો તિર્યંચ ગતિમાંથી મનુષ્ય થઈને મોક્ષે જનારા જીવો બહુ જ ઓછા હોય છે. તેના કરતાં સંખ્યાતગણા અધિક જીવો મનુષ્યમાંથી ફરી મનુષ્ય થઈને મોક્ષ પામનારા હોય છે. તેનાથી પણ સંખ્યાતગણા વધુ જીવો નારકીમાંથી મનુષ્ય થઈને મોક્ષ જનારા હોય છે. અને તેનાથી પણ સંખ્યાતગણા અધિક જીવો દેવ ગતિમાંથી [૬]*ચ્યવી*ને મનુષ્ય થઈને મોક્ષ પામે છે.

### ૪. લિંગ

વ્યાખ્યા : **સંસારી જીવની જાતિય ઓળખાણ માટેના જાતિય અવયવ કે જનનેન્દ્રિયને લિંગ કહે છે. મોક્ષમાર્ગી મહાત્માના બાહ્ય વેષને પણ લિંગ કહેવાય છે.**

સમજૂતી : શાસ્ત્રીય પદ્ધતિ અનુસાર જાતિય અપેક્ષાના લિંગને વેદ કહે છે. આ વેદ ત્રણ પ્રકારે છ--૧. સ્ત્રી વેદ, ૨. પુરુષ વેદ અને ૩. નપુંસક વેદ. આ ત્રણેય વેદ દ્રવ્ય અને ભાવના ભેદથી બબ્બે પ્રકારે હોય છે.

બીજી રીતે મોક્ષમાર્ગી મહાત્માના બાહ્ય વેષને પણ લિંગ કહે છે. જૈન દર્શન અનુસાર આવા લિંગ ત્રણ પ્રકારે છે--૧. સાધુ, ૨. આર્યિકા (સ્ત્રી લિંગ) અને ૩. શ્રાવક. આ ત્રણેય લિંગ પણ દ્રવ્ય અને ભાવના ભેદથી બબ્બે પ્રકારે હોય છે.

નય : નિશ્ચયનયે મોક્ષ પામનાર મહાત્મા કોઈપણ પ્રકારના બાહ્ય લિંગથી રહિતપણે અંદરના ચૈતન્યસ્વરૂપી આત્મ લિંગથી જ મોક્ષ પામે છે. તેથી નિશ્ચયનયે લિંગ અપેક્ષાએ સિદ્ધોના કોઈ ભેદ નથી. પરંતુ વ્યવહારનયે ક્ષપકશ્રેણી આરોહણ કરી કેવળજ્ઞાન અને મોક્ષ પામનાર મહાત્મા બાહ્ય જાતિ અપેક્ષાના લિંગમાં ભાવવેદ અનુસાર ત્રણેય પ્રકારના ભાવ વેદ અને દ્રવ્ય વેદ અનુસાર એક માત્ર પુરુષવેદી જ હોય છે. બાહ્ય વેષની અપેક્ષાના લિંગમાં ભાવલિંગ મુજબ ભાવલિંગી સાધુ જ હોય છે. દ્રવ્યલિંગ અનુસાર [૭]*યથાજાતરૂપ* [૮]*નિગ્રંથ* લિંગ હોય છે. આ રીતે

વ્યવહારનયે લિંગ અપેક્ષાએ સિદ્ધોના ભેદ જાણવા.


લિંગભેદની સમજૂતી : સિદ્ધદશા પામનાર ધર્માત્મા નિગ્રંથ ભાવલિંગી સાધુ જ હોય છે. તેનું દ્રવ્ય વેદ પુરુષ વેદી જ હોવા છતાં ભાવવેદ સ્ત્રી-પુરુષ-નપુંસકવેદ પૈકી કોઈ પણ પ્રકારનું હોય છે.

અલ્પબહુત્વ : મોક્ષ દશા પામનાર જીવો પૈકી બાહ્ય જાતિ અપેક્ષાના ભાવ વેદ અનુસાર ભાવ નપુંસકવેદવાળા જીવો બહુ થોડા હોય છે. તેથી સંખ્યાતગુણા ભાવ સ્ત્રીવેદવાળા અને તેનાથી સંખ્યાતગુણા ભાવ પુરુષવેદવાળા હોય છે. દ્રવ્ય વેદ અનુસાર મોક્ષ પામનાર મહાત્મા માત્ર દ્રવ્ય પુરુષવેદ ધરાવનાર જ હોય છે.

બાહ્ય વેષ અપેક્ષાના લિંગની દૃષ્ટિએ મોક્ષ પામનાર ધર્માત્મા માત્ર દિગંબર દશા ધરાવનાર ભાવલિંગી નિગ્રંથસાધુ જ હોય છે.

### ૫. તીર્થ

વ્યાખ્યા : **જેનાથી સંસારસાગરને પાર ઉતરી શકાય તેને તીર્થ કહે છે. તીર્થ એ આત્મકલ્યાણ માટેનું પવિત્ર સ્થાન છે.**



નય : સંસારસાગરથી સ્વયં પાર ઉતરનાર અને દિવ્યધ્વનિના હિતોપદેશ વડે અન્ય ભવ્યજીવોને પણ પાર ઉતારનાર મહાપુરુષ તીર્થંકર તરીકે ઓળખાય છે.

નય : નિશ્ચયનયની અપેક્ષાએ પોતાનો શુદ્ધતા જ પોતાનું પરમ પવિત્ર તીર્થ છે. જેમાં ડૂબકી મારીને સ્નાન કરવાથી આત્માની વિશુદ્ધિ થાય છે અને તેથી સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધ દશા સુધીની પ્રાપ્તિ થાય છે. આ રીતે નિશ્ચયનયે સંસારસાગરથી પાર ઉતારનાર તીર્થ પોતાનો જ શુદ્ધાત્મા હોવાથી તીર્થ અપેક્ષાએ સિદ્ધોના કોઈ ભેદ નથી. પણ વ્યવહારનયે તીર્થંકર ભગવાન એ તીર્થ છે. તીર્થંકર ભગવાનની દિવ્યદેશનાના કારણે જીવ સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધ દશા સુધીની પ્રાપ્તિ કરે છે. જે તે તીર્થંકર ભગવાનના સમયમાં અને તેમના [૯]શાસનમાં મોક્ષ પામનારા જીવો જે તે તીર્થંકરના તીર્થમાં મોક્ષ પામ્યા તેમ કહેવાય છે. તેથી વ્યવહારનયે તીર્થ અપેક્ષાએ સિદ્ધોના ભેદ કહી શકાય છે.

અલ્પબહુત્વ : તીર્થંકર થઈને મોક્ષ પામનારા જીવો બહુ થોડા હોય છે. અને તે તીર્થંકરના તીર્થમાં મોક્ષ પામનારા જીવો તેનાથી સંખ્યાતગુણા વધુ હોય છે.

### ૬. ચારિત્ર

વ્યાખ્યા : **પોતાના શુદ્ધસ્વરૂપમાં સ્થિરતા, લીનતા, રમણતા કે એકાગ્રતા તે નિશ્ચયથી ચારિત્ર છે. આવા નિશ્ચય ચારિત્રપૂર્વકના વ્રત, તપ, સંયમ, સદાચારને વ્યવહારથી ચારિત્ર કહે છે.**

ચારિત્ર એ મોક્ષમાર્ગ અને મોક્ષનું પ્રધાન અંગ છે.

નય : નિશ્ચયનયની અપેક્ષાએ ચારિત્ર એ આત્માનો પરમ પવિત્ર શુદ્ધ વીતરાગભાવ હોવાથી તેના કોઈ પ્રકાર હોતા નથી. તેથી નિશ્ચયનયે ચારિત્રની અપેક્ષાએ સિદ્ધોના કોઈ ભેદ નથી. તોપણ નિશ્ચયચારિત્રની પૂર્ણતા ક્રમપૂર્વક થતી હોવાથી તે ક્રમ અનુસારના ચારિત્રના પાંચ ભેદ વ્યવહારનયની અપેક્ષાએ કહ્યા છે. તે આ રીતે---
૧. સામાયિક, ૨. છેદોપસ્થાપના, ૩. પરિહારવિશુદ્ધિ, ૪. સૂક્ષ્મસાંપરાય અને ૫.. યથાખ્યાત.

વ્યવહારનયે ચારિત્રના આ પાંચ ભેદની અપેક્ષાએ ચારિત્ર અપેક્ષાએ સિદ્ધોના પાંચ ભેદ માનવામાં આવે છે.

ચારિત્રભેદની સમજૂતી : નિશ્ચયનયે મોક્ષ પામતો જીવ પાંચેય પ્રકારના ચારિત્રના ભેદોનો અભાવ કરીને જ મોક્ષ પામે છે. પણ વ્યવહારનયે મોક્ષ પામતા પહેલા પાંચ પ્રકારના ચારિત્ર પૈકી કયા પ્રકારના ચારિત્રની મુખ્યતા હતી તેના આધારે તે પ્રકારના ચારિત્રથી મોક્ષ કહેવાય છે. મોક્ષ પામતા પહેલા નજીકની અપેક્ષાએ તો એકમાત્ર યથાખ્યાત ચારિત્રની જ મુખ્યતા હોય છે. અને દૂરની અપેક્ષાએ સામાયિક, છેદોપસ્થાપના કે સૂક્ષ્મસાંપરાય ચારિત્રની મુખ્યતા હોય છે. પરિહારવિશુદ્ધિ ચારિત્ર અને તેની મુખ્યતા કોઈકને જ હોય છે. જે પ્રકારના ચારિત્રની મુખ્યતાથી સિદ્ધદશાની પ્રાપ્તિ થાય તે ચારિત્ર અપેક્ષાએ સિદ્ધોના ભેદ કહેવાય છે. પાંચેય પ્રકારના ચારિત્રની અતિસંક્ષિપ્ત માહિતિ નીચે મુજબ છે.

**૧. સામાયિક ચારિત્ર** : સમસ્ત [૧૦]સાવદ્યયોગ અને શુભાશુભભાવોના ત્યાગપૂર્વકની શુદ્ધાત્મસ્વરૂપની સ્થિતિ તે સામાયિક ચારિત્ર છે. તે સાતમાંથી નવમા ગુણસ્થાન

સુધી હોય છે. ત્રણ કષાયના અભાવપૂર્વક છઠ્ઠા ગુણસ્થાને વર્તતા વ્રત, સમિતિ, ગુપ્તિ આદિને વ્યવહારથી સામાયિક ચારિત્ર કહે છે.

**૨. છેદોપસ્થાપના ચારિત્ર :** સામાયિક ચારિત્રમાં સ્થિત સાધુ કદાચિત પ્રમાદવશ સાવદ્યયોગમાં આવી જાય તો પોતાના ઉગ્ર પુરુષાર્થથી તે દોષને છેદીને ફરી પાછો મૂળ સ્વરૂપમાં સ્થિતિ પામે તેને છેદોપસ્થાપના ચારિત્ર કહે છે. તે પણ સામાયિક ચારિત્રની જેમ છઠ્ઠાથી નવમા ગુણસ્થાન સુધી જાણવું.

**૩. પરિહારવિશુદ્ધિ ચારિત્ર :** જે જીવ ત્રીસેક વર્ષ સુધી ગૃહસ્થાશ્રમમાં રહીને પછી મુનિદશા અંગીકાર કરી તીર્થંકરના [૧૧]**પાદમૂલ**માં આઠ વર્ષ સુધી નવમા પૂર્વ સુધીનું અધ્યયન કરે તેના ચારિત્રને પરિહારવિશુદ્ધિ કહે છે. પરિહારવિશુદ્ધિ ચારિત્રનો ધારક સાધુ પ્રમાદરહિત, મહાવીર્યવાન અને કર્મની પ્રચુર નિર્જરા કરનારો હોય છે. આવા ચારિત્રના ધારક સાધુના શરીરથી જીવોની [૧૨]*વિરાધના* થતી નથી. ઉપર કહ્યો તેવો છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવર્તી સાધુ આવું ચારિત્ર ધરાવનારો હોય છે.



**૪.સૂક્ષ્મસાંપરાય ચારિત્ર :** જે ચારિત્ર સમયે અતિ સૂક્ષ્મ લોભ કષાયનો અત્યંત મંદ ઉદય હોય તેને સૂક્ષ્મસાંપરાય ચારિત્ર કહે છે. દશમા ગુણસ્થાનવર્તી જીવના ચારિત્રને સૂક્ષ્મસાંપરાય કહે છે.

**૫. યથાખ્યાત ચારિત્ર :** ચારિત્ર મોહનીયકર્મના સર્વથા ક્ષયથી ઉત્પન્ન થતી સ્વરૂપમાં સંપૂર્ણ સ્થિરતાને યથાખ્યાત ચારિત્ર કહે છે. આ ચારિત્ર બારમાથી ચૌદમા ગુણસ્થાન સુધી હોય છે.

અલ્પબહુત્વ : પરિહારવિશુદ્ધિ સહિતના પાંચેય પ્રકારના ચારિત્રમાંથી પસાર થઈને મોક્ષ જનારા જીવો બહુ થોડા હોય છે. અને પરિહારવિશુદ્ધિ સિવાયના બાકીના ચાર પ્રકારના ચારિત્રમાંથી પસાર થઈને મોક્ષ પામનારા જીવો તેનાથી સંખ્યાતગુણા અધિક હોય છે.

### ૭. પ્રતિબોધ

વ્યાખ્યા : **જીવની પારમાર્થિક જાગૃતિના કારણભૂત સમજણ, જ્ઞાન કે બોધને પ્રતિબોધ કહે છે.**

નય :નિશ્ચયનયની અપેક્ષાએ જીવ પોતે જ પોતાની સમજણથી બોધ પામી મોક્ષમાર્ગ અને મોક્ષને પામે છે. તેથી નિશ્ચયનયે પ્રતિબોધના આધારે સિદ્ધોના કોઇ ભેદ નથી. વ્યવહારનયે જીવ પોતે પોતાની જ સમજણથી બોધ પામે ત્યારે કોઇ જ્ઞાનીની દેશનાનું નિમિત્ત અવશ્ય હોય છે. જ્ઞાનીની પ્રત્યક્ષ દેશનાથી પ્રતિબોધ પામનારો બોધિતબુદ્ધ અને પૂર્વની દેશનાના સંસ્કારથી પ્રતિબોધ પામનારો પ્રત્યેકબુદ્ધ કહેવાય છે. તેથી વ્યવહારનયે પ્રતિબોધની અપેક્ષાએ સિદ્ધોના પણ બોધિતબુદ્ધ અને પ્રત્યેકબુદ્ધ એવા બે ભેદ જાણવા.

પ્રતિબોધભેદની સમજૂતી : અનાદિકાળથી અજાણ્યો અને માર્ગ ભૂલેલો અજ્ઞાની જીવ જ્ઞાનીની દેશના વગર પ્રતિબોધ પામી શકતો નથી. વર્તમાન જ્ઞાનીની પ્રત્યક્ષ દેશનાના પ્રતાપે પ્રતિબોધ પામી મોક્ષમાર્ગ અને મોક્ષ પામનારો જીવ બોધિતબુદ્ધ કહેવાય છે અને પૂર્વની દેશનાના સંસ્કારના બળે પ્રતિબોધ પામી મોક્ષમાર્ગ અને મોક્ષ પામનારો જીવ પ્રત્યેકબુદ્ધ કહેવાય છે.

અલ્પબહુત્વ : પ્રત્યેકબુદ્ધ પ્રકારે સિદ્ધ દશા પ્રાપ્ત કરનારા જીવો થોડા હોય છે. અને તેનાથી સંખ્યાતગુણા અધિક જીવો બોધિતબુદ્ધ પ્રકારે સિદ્ધ દશાને પ્રાપ્તકરે છે.

### ૮. જ્ઞાન

વ્યાખ્યા:**આત્માની જાણવાની, સમજવાની અને વિવેકની શક્તિને જ્ઞાન કહે છે.**

જ્ઞાન પાંચ પ્રકારે છે — ૧. મતિ, ૨. શ્રુત, ૩. અવધિ, ૪. મન:પર્યય અને ૫. કેવળજ્ઞાન.

નય : નિશ્ચયનયે કેવળજ્ઞાન પોતે જ ભાવમોક્ષ છે અને તે કેવળજ્ઞાનથી જ દ્રવ્યમોક્ષની પ્રાપ્તિ છે. તેથી નિશ્ચયનયની અપેક્ષાએ જ્ઞાનના આધારે મોક્ષપ્રાપ્ત સિદ્ધોમાં કોઈ ભેદ નથી. પણ વ્યવહારનયે કેવળજ્ઞાન થયા પહેલા કયા પ્રકારના જ્ઞાનના આધારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ તે અપેક્ષાએ જ્ઞાનના આધારના સિદ્ધોના ભેદ કહી શકાય છે.

જ્ઞાનભેદની સમજૂતી : મતિ અને શ્રુત એ બે જ્ઞાન જોડરૂપ છે. કોઈ જીવને મતિ-શ્રુત એ ઓછામાં ઓછા બે જ્ઞાનથી જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કોઈ જીવને મતિ-શ્રુત ઉપરાંત અવધિ કે મનઃપર્યયજ્ઞાન હોય તો તે ત્રણ જ્ઞાન વડે કેવળજ્ઞાન અને મોક્ષ પામનારો કહેવાય છે. કોઈ જીવ મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય એ ચારેય જ્ઞાન ધરાવી તેના વડે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરનારો હોય છે. તીર્થંકર ભગવાન નિયમથી આ ચારેય જ્ઞાન વડે કેવળજ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિ કરનારા હોય છે.


અલ્પબહુત્વ : ઓછામાં ઓછા બે જ્ઞાન મતિ અને શ્રુતથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સિદ્ધ દશા પ્રાપ્ત કરનારા જીવો થોડાં હોય છે. તેનાથી અસંખ્યાતગુણા અધિક જીવો ચાર જ્ઞાનથી કેવળજ્ઞાન અને મોક્ષ પામનારા હોય છે. અને તેનાથી પણ સંખ્યાતગુણા અધિક જીવો ત્રણ જ્ઞાન વડે કેવળજ્ઞાન પામી સિદ્ધ દશાને પ્રાપ્ત કરે છે. આ રીતે બે જ્ઞાન વડે સિદ્ધ દશા પામનારા સૌથી ઓછા અને ત્રણ જ્ઞાન વડે પામનારા સૌથી વધુ હોય છે.

### ૯. અવગાહના

**સિદ્ધ દશા પામનારા જીવના ચરમ દેહની ઊંચાઈને અવગાહના કહે છે.**

મોક્ષ પામી શકનારા એવા કર્મભૂમિના પુંલ્લિંગી મનુષ્યોની ઉત્કૃષ્ટ અવગાહના ૫૨૫ ધનુષ (૮૪૦ મીટર) અને જઘન્ય અવગાહના ૩.૫હાથ(૧.૪૦ મીટર) હોય છે.

નય : નિશ્ચયનયે મોક્ષ પામનાર સર્વ જીવની અવગાહના લોકાકાશપ્રમાણ અસંખ્યાત આત્મપ્રદેશો છે. નિશ્ચયનયે બધાં જીવો એક સરખા લોકાકાશપ્રમાણ અસંખ્યાત આત્મપ્રદેશોથી સિદ્ધ દશા પામનારા હોવાથી અવગાહના અપેક્ષાએ સિદ્ધોનો ભેદ શકય નથી. તોપણ વ્યવહારનયે મોક્ષ પામનારો જીવ ચરમદેહથી કિંચિત્ ન્યુન દેહપ્રમાણ અવગાહનાવાળો હોય છે. તેથી વ્યવહારનયે ચરમદેહપ્રમાણ અવગાહનાની અપેક્ષાએ સિદ્ધોના ભેદ શકય છે.



અવગાહના ભેદની સમજૂતી: ભરત અને ઐરાવતક્ષેત્રના અવસર્પિણીના ચોથા કાળમાં અને ઉત્સર્પિણીના ત્રીજા કાળમાં અને વિદેહક્ષેત્રના સર્વકાળમાં મનુષ્યો મોક્ષને પામે છે. અવસર્પિણીના ચોથા કાળની શરૂઆતમાં અને ઉત્સર્પિણીના ત્રીજા કાળના અંત ભાગમાં મોક્ષગામી મનુષ્યોની ઊંચાઈ ૫૦૦ થી ૫૨૫ ધનુષ જેટલી હોય છે. વિદેહક્ષેત્રના મનુષ્યો પણ આટલી ઊંચાઈવાળા હોય છે. વર્તમાન અવસર્પિણીકાળમાં સૌપ્રથમ મોક્ષ પામનાર બાહુબલી ભગવાન ૫૨૫ ધનુષની ઉત્કૃષ્ટ અવગાહના ધરાવનાર હતા. અવસર્પિણીના ચોથા કાળના અંતમાં તેમ જ ઉત્સર્પિણીના ત્રીજા કાળની શરૂઆતમાં મનુષ્યોની ઊંચાઈ ૩.૫ થી ૭ હાથજેટલી હોય છે. ચરમ તીર્થંકર મહાવીર ભગવાનની ઊંચાઈ ૭ હાથ (૨.૮ મીટર)ની હતી. જે તે સમયના કાળ અનુસાર ઉત્કૃષ્ટ હતી.

અલ્પબહુત્વ : ૩.૫ હાથ(૧.૪ મીટર)ની જઘન્ય અવગાહના ધરાવી મોક્ષ પામનારા જીવો અલ્પ હોય છે. તેનાથી સંખ્યાતગુણા જીવો ૫૨૫ ધનુષ(૮૪૦ મીટર)ની ઉત્કૃષ્ટ અવગાહના ધરાવી મોક્ષ પામે છે. અને ૩.૫ હાથથી વધુ અને ૫૨૫ ધનુષથી ઓછી હોય એવી મધ્યમ અવગાહના ધરાવી મોક્ષ પામનારા જીવો તેનાથી પણ સંખ્યાતગુણા વધુ હોય છે.

### ૧૦. અંતર

વ્યાખ્યા : **કોઈ બે બાબત વચ્ચેના કાળના તફાવતને કે અંતરાલને અંતર કહે છે.**

અહીં સિદ્ધ દશાની સંદર્ભનું અંતર છે.

નય : નિશ્ચયનયે જીવ જે સમયે સંસારનો અભાવ કરે છે તે જ સમયે સિદ્ધ દશાની પ્રાપ્તિ કરે છે. તેથી સંસારના અભાવ અને સિદ્ધ દશાની ઉત્પત્તિમાં કોઈ કાળનો આંતરો નથી. તેથી અંતર અપેક્ષાએ સિદ્ધોમાં કોઈ ભેદ નથી. પણ વ્યવહારનયે કોઈ સિદ્ધ દશા પામતો જીવ નિરંતર કે સાંતર એમ બે પ્રકારે પામે છે. તેથી તે અપેક્ષાએ સિદ્ધોના ભેદ છે.

અંતરભેદની સમજૂતી : કોઈ એક જીવ સિદ્ધ દશા પામે અને તેના પછી તરત જ સતત બીજા સમયે પણ બીજો કોઈ જીવ સિદ્ધ દશા પામે અને તેમના વચ્ચે કોઈ કોઈ સમયનો ગાળો ન હોય તો તે સિદ્ધ દશા નિરંતર પ્રકારની

કહેવાય છે. અને એક જીવ સિદ્ધ દશા પામ્યા પછી બીજો જીવ સિદ્ધ દશા પામે તે દરમ્યાન વચમાં થોડા કાળ સુધી કોઈ જીવ સિદ્ધ દશા ન પામે તો તેવા સિદ્ધ દશાના વિરહકાળ સહિતની સિદ્ધ દશાને સાંતર કહેવાય છે.

કોઈ જીવો નિરંતર સિદ્ધ થતા રહે તો જઘન્ય પ્રકારે ઓછામાં ઓછા બે સમય સુધી અને ઉત્કૃષ્ટ પ્રકારે વધુમાં વધુ આઠ સમય સુધી સિદ્ધ દશા પામતા રહે છે. ત્યારપછી અવશ્ય વિરહકાળ આવે છે. આ વિરહકાળ જઘન્યપણે એક સમયનો અને ઉત્કૃષ્ટપણે છ મહિનાનો હોય છે. વધુમાં વધુ છ મહિના પછી અવશ્ય સિદ્ધની ઉત્પત્તિ હોય છે. આ રીતે સાંતર સિદ્ધ દશાનો ગાળો એક સમયથી માંડીને છ મહિના સુધીનો હોય છે. નિરંતર અને સાંતર બધાં મળીને છ મહિના ને આઠ સમયના ગાળામાં કુલ છસો ને આઠ જીવો સિદ્ધ થાય છે. આ રીતે વ્યવહારનયે અંતર અપેક્ષાએ નિરંતર અને સાંતર એમ બે પ્રકારના સિદ્ધો હોય છે.

અલ્પબહુત્વ : વિરહકાળના છ મહિનાના ઉત્કૃષ્ટ ગાળા પછી મોક્ષે જનારા સાંતર સિદ્ધો બહુ થોડા હોય છે. અને તેથી એક-એક સમયના ઓછા ગાળામાં સિદ્ધ દશા પામનારા સાંતર સિદ્ધો ક્રમશઃ વધતા જાય છે. સમગ્ર સાંતર સિદ્ધો કરતા નિરંતર સિદ્ધો સંખ્યાતગુણા અધિક હોય છે.

### ૧૧. સંખ્યા

વ્યાખ્યા : **એક સમયમાં સિદ્ધ થનાર જીવોના આંકડા કે ગણત્રીને સંખ્યા કહે છે.**

સિદ્ધોના ભેદ સંબંધી પ્રકરણ અન્વયે સંખ્યાત, અસંખ્યાત અને અનંત એમ મુખ્ય ત્રણ પ્રકારે સંખ્યાને દર્શાવાય છે.


નય : નિશ્ચયનયે સિદ્ધ દશા પામનાર જીવ પોતે પોતાથી જ એકલો સિદ્ધ દશા પામતો હોવાથી તેનો કોઈ આંકડો કે ગણત્રી હોતી નથી. તેથી નિશ્ચયનયે સંખ્યા અપેક્ષાએ સિદ્ધોના કોઈ ભેદ નથી. પણ વ્યવહારનયે એક સમયમાં એકથી માંડીને એકસો ને આઠ સુધીના જીવો એક સાથે સિદ્ધ દશાને પામી શકે છે. વ્યવહારનયે આ પ્રકારે સિદ્ધ દશાના જીવોની આ પ્રકારની ગણત્રી હોવાથી સિદ્ધોના ભેદ છે.

સંખ્યાભેદની સમજૂતી : એક સાથે થતાં સિદ્ધોની સંખ્યા વિષેના ભેદની માહિતિ આ અગાઉના પ્રકરણ ૨૨ : સિદ્ધના સ્વરૂપમાં આવી ગઈ હોવાથી અહીં આપવામાં આવતી નથી.

અલ્પબહુત્વ : એક સમયમાં એક સાથે ઉત્કૃષ્ટ ૧૦૮ જીવો મોક્ષે જાય તેવા જીવો બહુ થોડા હોય છે. તેનાથી અનંતગણા એક સમયમાં ૧૦૭ થી લઈને ૫૦ સુધીના જીવો એક સાથે મોક્ષે જનારા હોય છે. તેનાથી અસંખ્યાતગણા એક સમયમાં ૪૯ થી ૨૫ સુધીની સંખ્યામાં એક સાથે મોક્ષ જનારા જીવો હોય છે. અને તેનાથી સંખ્યાતગણા જીવો એક સમયમાં એક સાથે મોક્ષ જનારા ૨૪ થી માંડીને ૧ સુધીની સંખ્યામાં હોય છે.

### ઉપસંહાર


સિદ્ધનું સ્વરૂપ એ પોતાના શુદ્ધાત્માનું જ સ્વરૂપ છે. અને આ જીવનું એકમાત્ર પ્રયોજન પોતાના શુદ્ધાત્માને ઓળખીને તેનો આશ્રય કરવાનું છે. શુદ્ધાત્માના આશ્રયથી જ જ્ઞાન, આનંદાદિ અનંત ગુણોની પ્રગટતા હોય છે. પોતાનો શુદ્ધાત્મા સિદ્ધ સ્વરૂપ હોવાથી સિદ્ધનું સ્વરૂપ જાણવું અત્યંત આવશ્યક છે. પણ શુદ્ધ અને અભેદ અવસ્થા ધરાવતા સિદ્ધ ભગવાનનું સ્વરૂપ ભેદ વિના સમજી શકાતું નથી. તેથી સિદ્ધોના ભેદ દર્શાવવામાં આવે છે.



અખંડ, એકરૂપ અને અભેદ આત્મસ્વભાવ જેવી જ અવસ્થા ધરાવનાર સિદ્ધ ભગવાનના કોઈ ભેદ હોતા નથી. વળી સિદ્ધ અવસ્થા એ આત્માની સંપૂર્ણ શુદ્ધ અવસ્થા છે. શુદ્ધતાના કોઈ ભેદ હોતા નથી. તેથી સિદ્ધ દશાના પણ કોઈ ભેદ હોતા નથી. પણ અભેદ અને શુદ્ધ દશા છદ્મસ્થના જ્ઞાનનો વિષય બની શકતી નથી. તેથી તેને ભેદ વડે જ જાણવું જરૂરી બને છે. નિશ્ચયનયે સિદ્ધોના કોઈ ભેદ ન હોવા છતાં ઉપચરિત વ્યવહારનયે સિદ્ધોના ભેદ કરી તેનું અભેદ અને શુદ્ધ સ્વરૂપ સમજી શકાય છે. વ્યવહારનયે સિદ્ધોના ભેદ કરવા માટે ક્ષેત્ર, કાળ, ગતિ, લિંગ, તીર્થ, ચારિત્ર, પ્રતિબોધ, જ્ઞાન, અવગાહના, અંતર, સંખ્યા જેવી બાબતોનો આધાર લેવામાં આવે છે. જાણીતા ભેદ વડે જ અજાણ્યા અભેદને સારી રીતે સમજી શકાતું હોવાથી સિદ્ધોના અભેદ સ્વરૂપને સમજવા માટે આ ભેદો ઉપયોગી છે. પણ તે માટે ભેદ વડે અભેદ સુધી પહોંચવું જરૂરી છે.

તેથી સિદ્ધોના ઉપચરિત ભેદને જ સિદ્ધોનું પરમાર્થ સ્વરૂપ ન માની લેવું પણ તે ભેદરૂપ વ્યવહાર વડે થોડો પ્રયત્ન કે તર્કણા કરી અભેદરૂપ પરમાર્થનું સ્વરૂપ પામવાનો ઉપાય કરવો. પણ જો ભેદરૂપ વ્યવહારને જ અભેદરૂપ પરમાર્થ માની લેવામાં આવે તો તે અભૂતાર્થ એટલે કે અસત્યાર્થ છે.

સિદ્ધ સ્વરૂપના ભેદરૂપ ઉપચરિત વ્યવહારને જ તેનું પારમાર્થિક અભેદ સ્વરૂપ માની લેવાના બદલે ભેદ વડે અભેદરૂપ પારમાર્થિક સિદ્ધના યથાર્થ સ્વરૂપને સમજી લેવામાં આવે તો તેના આધારે પોતાના શુદ્ધાત્માના સાચા પારમાર્થિક સ્વરૂપને સમજી શકાય છે. અને આવા પારમાર્થિક સ્વરૂપના આશ્રયે જ સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધ દશાની પ્રાપ્તિ થાય છે. આચાર્યશ્રી કુંદકુંદના શબ્દોમાં--



*ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,*
*વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશકય છે.*
*વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે.*
*ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે.*

**ભાવાર્થ :** જેમ કોઈ અનાર્ય માણસને તેની અનાર્યભાષા વિના વસ્તુનું કોઈ સ્વરૂપ સમજાવી શકાતું નથી. તેમ છદ્મસ્થજીવને અભેદરૂપ સિદ્ધનું પારમાર્થિક સ્વરૂપ ભેદરૂપ ઉપચરિત વ્યવહાર વિના સમજાવી શકાતું નથી. તેથી અભેદરૂપ પરમાર્થનો ઉપદેશ કરવા ભેદરૂપ વ્યવહાર ઉપયોગી છે. પણ જો કોઈ ભેદરૂપ વ્યવહાર દ્વારા પ્રયત્ન કરી અભેદરૂપ પરમાર્થ સુધી ન પહોંચે અને ભેદરૂપ વ્યવહારને જ પરમાર્થ માની બેસે તો તે તેનો વ્યવહાર અભૂતાર્થ એટલે કે અસત્યાર્થ છે. વસ્તુનું પરમાર્થ અભેદ સ્વરૂપ જ ભૂતાર્થ એટલે કે સત્યાર્થ છે. અને આવા અભેદ પારમાર્થિક ભૂતાર્થ સ્વરૂપના આશ્રયે જ જીવ સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધ દશાની પ્રાપ્તિ કરે છે. (સમયસાર : ગાથા ૮ અને ૧૧)

---

## ટિપ્પણ

**૧. પ્રત્યુત્પન્ન નય :** વર્તમાન વિષયગ્રાહી નયને પ્રત્યુત્પન્ન નય કહે છે. ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢ નય અને અવંભૂતનય એ પ્રત્યુત્પન્ન નય છે. ●**૨. પ્રજ્ઞાપનનય :** વર્તમાન ન હોય એવા વિષયનું નિરૂપણ કે પ્રરૂપણા કરનાર નયને પ્રજ્ઞાપનનય કહે છે. નૈગમનય, સંગ્રહનય અને વ્યવહારનય એ પ્રજ્ઞાપનનય છે. ●**૩. સંહરણ :** કોઈ મુનિરાજને દેવાદિ દ્વારા અન્ય ક્ષેત્રમાં લઈ જઈ તેનો સંહાર કરવામાં આવે તેને સંહરણ કહે છે. સંહરણ સમયે સિદ્ધ દશા પામતા જીવને સંહરણસિદ્ધ કહે છે. ●**૪. અનંતરપૂર્વભવ :** આંતરો પડયા વિનાનો તુરતનો આગલો ભવ. ●**૫. એકાંતર:** વચમાં એક આંતરો હોય તેવું. ●**૬. ચ્યવીને :** છૂટીને, પડીને. ●**૭. યથાજાતરૂપ :** જન્મ્યા પ્રમાણેનું રૂપ; નગ્નદશા ●**૮. નિગ્રંથ:** ગ્રંથિ-બંધનથી મુક્ત, વિષ્પરિગ્રહી, દિગંબર સાધુ. ●**૯. તીર્થંકરનું શાસન :** એક તીર્થંકર થાય પછી બીજા તીર્થંકર થાય ત્યાં સુધીના સમયગાળાને જે તે તીર્થંકરનું શાસન કહે છે. ●**૧૦. સાવધયોગ :** હિંસાયુક્ત મનવચન કાયાના વ્યાપારને સાવધયોગ કહે છે. અસિ, મસિ, કૃષિ, વિદ્યા, વાણિજ્ય અને શિલ્પ જેવી ગૃહસ્થને યોગ્ય આજીવિકાની પ્રવૃત્તિ તે સાવદ્યયોગ છે, જે મુનિદશામાં હોતો નથી.

## સંદર્ભ સાહિત્ય


**પ્રાસ્તાવિક** ૧. તત્વાર્થસાર : અધ્યાય ૮: મોક્ષ અધિકાર : ગાથા ૪૩, ૪૨, ૪૧; ●૨. તત્વાર્થસૂત્ર : અધ્યાય ૧૦, સૂત્ર ૯; અધ્યાય ૧, સૂત્ર ૩૩; ●૩. જૈ.શિ.કોશ : ભાગ ૨ : નય : ૪/૫/૧ પાનુ ૫૨૨માં જિનેન્દ્ર વર્ણીકૃત નોટ; ભાગ ૩: પ્રરૂપણા : પાનુ ૧૪૭; ●૪. ધવલ : ૧ / ૧, ૧, ૮/૧૫૯/૬.

**૧. ક્ષેત્ર** ૧. સર્વાર્થસિદ્ધિ : ૧૦/૯ / ૪૭૧/૧૧; ●૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧૦/૯/૨/૬૪૬/૧૮; ●૩. જૈ. સિ.કોશ ભાગ ૩: મોક્ષ : ૪/૨, પાનુ ૩૨૬;

**૨ કાળ** ૧. સવાર્થસિદ્ધિ : ૧૦/૯ ૪૭૧/૧૩; ●૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧૦/૯/૩/૬૪૬/૨૨; ●૩. તિલ્લોયપણ્ણતિ : ૪/૫૫૩, ૧૨૩૯; ●૪. જૈ. સિ.કોશ : ભાગ ૩ : ૪/૩ પાનુ ૩૨૭.

**૩. ગતિ** ૧. સવાર્થસિદ્ધિ : ૧૦/૯/૪૭૨/૫; ●૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧૦/૯/૪/૬૪૬/૨૮; ●૩. સ્વામીકાર્તિકિયાનુપ્રેક્ષા : ગાથા ૨૯૯; ●૪. જૈ. સિ.કોષ : ભાગ : ૩ : મનુષ્ય ૨/૨, પાનુ ૨૭૩; મોક્ષ ૪/૨, પાનુ ૩૨૭.

**૪. લિંગ** ૧. સર્વાર્થસિદ્ધિ : ૧૦/૯ / ૪૭૨/૫; ●૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧૦/૯/૫/૬૪૬/૩૨; ●૩. જૈ. સિ.કોશ : ભાગ ૩ : મોક્ષ : ૪/૫, પાનુ ૩૨૭.

**૫. તીર્થ** ૧. બોધપાહુડ : ગાથા ૨૬, ૨૭, ૪૩ અને તેની ટીકા; ●૨. ભગવતી આરાધના : ગાથા ૩૦૨ ની ટીકા; ●૩. સમાધિશતક : ગાથા ૨ ની ટીકા; ●૪. સ્વયંભૂસ્તોત્ર : ગાથા ૧૦૯ની ટીકા; ●૫. બહેનશ્રીના વચનામૃત : નં. ૧૪૯; ●૬. જૈ. સિ.કોશ : ભાગ ૨ : તીર્થ ૧, ૨ પાનુ ૩૯૩; ભાગ ૩: મોક્ષ : ૪/૬, પાનુ ૩૨૭; ●૭. સર્વાર્થસિદ્ધિ : ૧૦/૯/૪૭૨/૭; ●૮. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧૦/૯/૬/૬૪૭/૩.

**૬. ચારિત્ર** ૧. તત્ત્વાર્થસૂત્ર : અધ્યાય ૯, સૂત્ર ૧૮ અને તેની ટીકા; ●૨. સવાર્થસિદ્ધિ : ૧૦/૯/૪૭૨/૮; ●૩. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧૦/૯/૭ / ૬૪૭/૬; ●૪. જૈ. સિ.કોશ : ભાગ ૩ : મોક્ષ : ૪/૭, પાનુ ૩૨૭.

**૭. પ્રતિબોધ** ૧. સર્વાર્થસિદ્ધિ : ૧૦/૯/૪૭૨/૯; ●૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧૦/૯/૮/૬૪૭/૧૦; ●૩. જૈ. સિ.કોશ : ભાગ ૩ : મોક્ષ : ૪/૮, પાનુ ૩૨૮.

**૮. જ્ઞાન** ૧. સર્વાર્થસિદ્ધિ : ૧૦/૯/૪૭૨/૧૦; ●૨. તત્ત્વાર્થ રાજવાર્તિક : ૧૦/૯/૯/૬૪૭/૧૪; ૧/૩૦/૪,૯ /૬૦,૬૧; ●૩. જૈ. સિ.કોશ : ભાગ : ૨ : જ્ઞાન : ૧/૪/૧૧, પાનુ ૨૬૦; ભાગ ૩: મોક્ષ : ૪/૯, પાનુ ૩૨૮.

**૯. અવગાહના** ૧. સવાર્થસિદ્ધિ : ૧૦/૯/૪૭૩/૧૧; ●૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧૦/૯/૧૦/૬૪૭/૧૫-૧૬; ●૩. તિલ્લોયપણ્ણતિ : ૯/૧૬; ●૪. જૈ. સિ.કોષ : ભાગ : ૩ : મોક્ષ : ૪/૧૦, પાનુ ૩૨૮.

**૧૦. અંતર** ૧. સવાર્થસિદ્ધિ : ૧૦/૯/૪૭૩/૨,૩; ●૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧૦/૯/૧૧,૧૨,૧૩/૬૪૭/૨૧, ૨૫; ●૩. જૈ. સિ.કોશ : ભાગ : ૩ : મોક્ષ ૪/૧૧, ૧૨, પાનુ ૩૨૮.

**૧૧. સંખ્યા** ૧. સવાર્થસિદ્ધિ : ૧૦/૯/૪૭૩/૩; ●૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧૦/૯/૧૩/૬૪૭/૨૫; ●૩. ધવલ : ૧૪/૪, ૬, ૧૧૬/૧૪૩/૧૦; ●૪. જૈ. સિ.કોશ : ભાગ : ૩ : મોક્ષ ૪/૧૨, પાનુ ૩૨૮.

**અલ્પબહુત્વ** ૧. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧૦/૯/૧૪/૬૪૭/૨૭; ●૨. જૈ. સિ.કોશ : ભાગ : ૧ : અલ્પબહુત્વ : ૩ : પ્રકીર્ણક પ્રરૂપણાઓ, પાનુ ૧૫૩, ૧૫૪.

**ઉપસંહાર** ૧. સમયસાર : ગાથા ૮, ૧૧ અને તેની ટીકા.

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં☐ ચોરસમાં દર્શાવો.**

**૧. શા માટે સિદ્ધ દશા એક જ પ્રકારની હોય છે ?** ૧.☐
A. આત્માની શુદ્ધ અવસ્થા હોવાથી
B. સિદ્ધ ભગવાનની કોઈ સંજ્ઞા કે નામ ન હોવાથી
C. બધાં સિદ્ધ એક જ સિદ્ધશિલા ઉપર બિરાજતા હોવાથી
D. જગતમાં એક જ ઈશ્વર હોવાથી

**૨. સિદ્ધોના ભેદ શા માટે જરૂરી છે ?** ૨.☐
A. ઉપચરિત વ્યવહારનયનો ઉપયોગ કરવા માટે
B. સિદ્ધોના અભેદ સ્વરૂપને સારી સમજવા માટે
C. એકરૂપતામાં રહેલી વિવિધરૂપતા બતાવવા માટે
D. સિદ્ધોમાં ભાગલા પાડી તેના ઉપર રાજ કરવા માટે

**૩. સંહરણ સિદ્ધો ક્યાંથી મોક્ષે જતા હોય છે ?** ૩.☐
A. સમસ્ત ભરતક્ષેત્રમાંથી
B. સમસ્ત ઐરાવતક્ષેત્રમાંથી
C. અઢીદ્વીપના સમસ્ત મનુષ્યક્ષેત્રમાંથી
D. સમસ્ત વિદેહક્ષેત્રમાંથી

**૪. સિદ્ધક્ષેત્રમાં કોનો સમાવેશ છે ?** ૪.☐
A. ગોમ્મટગિરિ B. હસ્તિનાપુરી
C. સુવર્ણપુરી D. મથુરાપુરી

**૫. વર્તમાન હુંડાવસર્પિણીકાળના પ્રભાવે ચોથો કાળ શરૂ થયા પહેલા ત્રીજા કાળના અંતમાં જ મોક્ષ પામનારામાં કોનો સમાવેશ નથી ?** ૫.☐
A. પ્રથમ કામદેવ બાહુબલિ
B. પ્રથમ તીર્થંકર ઋષભદેવ
C. પ્રથમ ગણધર વૃષભસેન
D. પ્રથમ ચક્રવર્તી ભરત

**૬. કેવા જીવો કોઈ પણ મનુષ્યક્ષેત્રના કોઈ પણ કાળે મોક્ષ પામતા હોય છે ?** ૬.☐
A. જન્મ સિદ્ધો B. અંતઃકૃત સિદ્ધો
C. અચ્છેરા સિદ્ધો D. સંહરણ સિદ્ધો

**૭. કઈ ગતિમાંથી મનુષ્ય થઈને મોક્ષે જનારા જીવો સૌથી વધુ હોય છે ?** ૭.☐
A. તિર્યંચગતિ B. નરકગતિ
C. મનુષ્યગતિ D. દેવગતિ

**૮. જાતિ અપેક્ષાએ કયા પ્રકારના દ્રવ્ય વેદમાંથી મનુષ્યો મોક્ષને પામે છે ?** ૮.☐
A. કોઈપણ વેદ B. નપુંસક વેદ
C. પુરુષ વેદ D. સ્ત્રી વેદ

**૯. જૈન દર્શન અનુસાર મોક્ષમાર્ગી મહાત્માના બાહ્યવેષ અનુસારના લિંગમાં કોનો સમાવેશ નથી ?** ૯.☐
A. શ્રાવક B. સાધ્વી
C. સ્ત્રીલિંગ D. સાધુ

**૧૦. એવું કયું તીર્થ છે કે જેમાં ડૂબકી મારીને સ્નાન કરવાથી આત્માની વિશુદ્ધિ થાય છે. ?** ૧૦.☐
A. શુદ્ધાત્મા B. ગંગાનદી
C. જિનાભિષકનું જળ D. તીર્થંકરની દિવ્યવાણી

**૧૧. નિશ્ચયનયે કયા પ્રકારના ચારિત્રના ભેદમાંથી જીવ મોક્ષ પામે છે ?** ૧૧.☐
A. પાંચેય પ્રકારના ચારિત્રના ભેદોનો અભાવ કરીને
B. યથાખ્યાતચારિત્રના ભેદોમાંથી પાસર થઈને
C. પાંચેય પ્રકારના ચારિત્રના ભેદોમાંથી પસાર થઈને
D. પરિહારવિશુદ્ધિ સિવાયના બાકીના ચાર પ્રકારના ચારિત્રના ભેદોમાંથી પસાર થઈને

**૧૨. પરિહારવિશુદ્ધિ ચારિત્રધારક સાધુ કેવો નથી ?** ૧૨.☐
A. મહાવીર્યવાન અને કર્મની પ્રચુર નિર્જરા કરનારો
B. પ્રમાદવશ સાવદ્યયોગમાં આવી જાય તો ઉગ્ર પુરુષાર્થ વડે ફરી પાછો મૂળ સ્થિતિ પામનારો
C. કોઈપણ જીવની વિરાધના ન કરનારા
D. તીર્થંકર પાદમૂલમાં નવમા પૂર્વ સુધીનું અધ્યયન કરનારો

**૧૩. નિશ્ચયનયે જીવ કઈ રીતે પ્રતિબોધ પામે છે ?** ૧૩.☐
A. દેવ કે ગુરુની પ્રત્યક્ષ દેશનાથી
B. પૂર્વની દેશનાના સંસ્કારના બળથી
C. પોતે જ પોતાની સમજણથી
D. પોતાના પિતાશ્રીની શિખામણથી

**૧૪. કયું જ્ઞાન પોતે જ ભાવમોક્ષ છે ?** ૧૪.☐
A. મનઃપર્યયજ્ઞાન B. દ્રવ્યશ્રુતજ્ઞાન
C. ભાવશ્રુતજ્ઞાન D. કેવળજ્ઞાન

**૧૫. જીવને ત્રણ પ્રકારના જ્ઞાન હોય તો તે ક્યા હોય ?** ૧૫.☐
A. શ્રુત–અવધિ–મનઃપર્યયજ્ઞાન
B. મતિ–કેવળ–મનઃ પર્યયજ્ઞાન
C. મતિ–અવધિ–મનઃપર્યયજ્ઞાન
D. મતિ–શ્રુત–મનઃપર્યયજ્ઞાન

**૧૬. તે સમયના કાળ અનુસાર ભગવાન મહાવીરની અવગાહના કેવી હતી ?** ૧૬.☐
A. સરેરાશ B. જઘન્ય C. મધ્યમ D. ઉત્કૃષ્ટ

**૧૭. કોઈ જીવો નિરંતર સિદ્ધ થતા રહે તો વધુમાં વધુ કેટલા કાળ સુધી સિદ્ધદશા પામતા રહે ?** ૧૭.☐
A. જીવો દરેક સમયે નિરંતર અનાદિ–અનંત કાળ સુધી
B. લાગલગાટ છ મહિના સુધી
C. છ મહિનાને આઠ સમય સુધી
D. આઠ સમય સુધી

**૧૮. એક સમયમાં એક સાથે વધુમાં વધુ કેટલા જીવો મોક્ષે જાય ?** ૧૮.☐
A. ૪૯ થી ૧ સુધી B. ૧૦૭ થી ૫૦ સુધી
C. ૧૦૮ D. ૬૦૮

**૧૯. શા માટે સિદ્ધનું સ્વરૂપ જાણવું અત્યંત આવશ્યક છે ?** ૧૯.☐
A. સિદ્ધ ભગવાન આપણા આરાધ્ય હોવાથી
B. સિદ્ધના સ્વરૂપ જેવું પોતાનું સ્વરૂપ હોવાથી
C. સિદ્ધના સ્વરૂપને જાણવાથી સિદ્ધદશાની પ્રાપ્તિ થતી હોવાથી
D. સિદ્ધના સ્વરૂપને જાણવાથી સમગ્ર વિશ્વના સ્વરૂપને જાણી શકાતું હોવાથી

**૨૦. વ્યવહારનય ક્યારે અભૂતાર્થ છે ?** ૨૦.☐
A. વ્યવહારને જ પરમાર્થ માની લેવામાં આવે ત્યારે
B. વ્યવહારની પરમાર્થની સાથે તુલના કરવામાં આવે ત્યારે
C. અભેદ પરમાર્થનો વ્યવહાર દ્વારા ભેદ કરવામાં આવે ત્યારે
D. વ્યવહાર દ્વારા પરમાર્થ સુધી પહોંચવામાં આવે ત્યારે

## સૈદ્ધાંતિક પ્રશ્નો

**નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.**

૧. કઈ રીતે સિદ્ધ ભગવાનનાં કોઈ ભેદ નથી ?
૨. કઈ રીતે સિદ્ધોમાં પરસ્પર ભેદ છે ?
૩. સિદ્ધોના ભેદ કઈ બાબતોના આધારે હોય છે ?
૪. સિદ્ધોનો ભેદ કઈ રીતે ઉપયોગી છે ?
૫. સિદ્ધોના ભેદોના આધારભૂત ક્ષેત્ર કોને કહે છે ?
૬. નિશ્ચયનયે ક્ષેત્ર અપેક્ષાએ સિદ્ધોના ભેદ શા માટે નથી ?
૭. વ્યવહારનયે ક્ષેત્ર અપેક્ષાએ સિદ્ધોના ભેદ કઈ રીતે છે ?
૮. સામાન્યપણે મોક્ષને યોગ્ય ક્ષેત્ર કયું છે ?
૯. સંહરણ પામેલો જીવ કયા ક્ષેત્રમાંથી મોક્ષ પામે છે ?
૧૦. સૌથી વધુ જીવો કયા ક્ષેત્રમાંથી મોક્ષ પામે છે ?
૧૧. આપણા ભરતક્ષેત્રનું શાશ્વત સિદ્ધક્ષેત્ર કયું છે ?
૧૨. સિદ્ધોના ભેદોના આધારભુત કાળ કોને કહે છે ?
૧૩. નિશ્ચયનયે કાળ અપેક્ષાએ સિદ્ધોના ભેદ શા માટે નથી ?
૧૪. વ્યવહારનયે કાળ અપેક્ષાએ સિદ્ધોના ભેદ કઈ રીતે છે ?
૧૫. સામાન્યપણે કયા કાળે પણ જીવનો મોક્ષ હોય છે ?
૧૬. અપવાદરૂપ કિસ્સામાં કયા કાળે પણ જીવનો મોક્ષ હોય છે ?
૧૭. વર્તમાન અવસર્પિણીના ત્રીજા કાળના અંતમાં મોક્ષ જનારા મહાપુરુષોના નામ જણાવો.
૧૮. વર્તમાન પાંચમા કાળની શરૂઆતમાં મોક્ષે જનારાના નામ આપો.
૧૯. કયાં ક્ષેત્રમાંથી સર્વકાળે જીવો મોક્ષ પામે છે ?
૨૦. ગતિ કોને કહે છે ?
૨૧. શા માટે મોક્ષ પણ એક ગતિ છે ?
૨૨. નિશ્ચયનયે ગતિ અપેક્ષાએ સિદ્ધોના ભેદ શા માટે નથી ?
૨૩. વ્યવહારનયે ગતિ અપેક્ષાએ સિદ્ધોના ભેદ કઈ રીતે છે ?
૨૪. કઈ ગતિમાંથી જીવો મોક્ષ પામે છે ?
૨૫. કઈ ગતિમાંથી મનુષ્યગતિમાં અવતરીને જીવો સૌથી વધુ મોક્ષ પામે છે ?
૨૬. શિક્ષા કોને કહે છે ?
૨૭. શાસ્ત્રીય પદ્ધતિ અનુસાર જાતિ અપેક્ષાના લિંગને શું કહે છે ? તેના કેટલા પ્રકાર છે ? કયા કયા ?
૨૮. જૈન દર્શન અનુસાર મોક્ષમાર્ગીમહાત્માના બાહ્યલિંગ કયા ત્રણ પ્રકારે છે ?
૨૯. નિશ્ચયનયે લિંગ અપેક્ષાએ સિદ્ધોના ભેદ શા માટે નથી ?
૩૦. વ્યવહારનયે લિંગ અપેક્ષાએ સિદ્ધોના ભેદ કઈ રીતે છે ?
૩૧. સિદ્ધ દશા પામનાર ધર્માત્મા કયા પ્રકારનું લિંગ જાતિ અપેક્ષાએ અને વેષ અપેક્ષાએ ધરાવે છે ?
૩૨. ભાવવેદ અનુસાર કયા પ્રકારના જીવે સૌથી વધુ મોક્ષ પામે છે ?
૩૩. તીર્થ કોને કહે છે ?
૩૪. તીર્થંકર કોને કહે છે ?
૩૫. નિશ્ચયનયની અપેક્ષાએ સાચું તીર્થ કયું છે ?
૩૬. નિશ્ચયનયે તીર્થ અપેક્ષાએ સિદ્ધોના ભેદ શા માટે નથી ?
૩૭. વ્યવહારનયની અપેક્ષાએ તીર્થ કોને કહે છે ?
૩૮. વ્યવહારનયે તીર્થ અપેક્ષાએ સિદ્ધોના ભેદ કઈ રીતે છે ?
૩૯. તીર્થંકરના તીર્થમાં મોક્ષ પામનાર જીવ કોને કહે છે ?
૪૦. તીર્થ અપેક્ષાએ કયા પ્રકારના જીવો સૌથી વધુ મોક્ષ પામે છે ?
૪૧. નિશ્ચયથી ચારિત્ર કોને કહે છે ?
૪૨. વ્યવહારથી ચારિત્ર કોને કહે છે ?
૪૩. ચારિત્ર એ મોક્ષમાર્ગનું કેવું અંગ છે ?
૪૪. નિશ્ચયનયે ચારિત્ર અપેક્ષાએ સિદ્ધોના ભેદ શા માટે નથી ?
૪૫. વ્યવહારનયે ચારિત્ર અપેક્ષાએ સિદ્ધોના ભેદ કઈ રીતે છે ?
૪૬. વ્યવહારનયે ચારિત્રના પાંચ ભેદ કયા છે ?
૪૭. મોક્ષ પામતા જીવની નજીકના ચારિત્રની અપેક્ષાએ કયા પ્રકારના ચારિત્રની મુખ્યતા હોય છે ?
૪૮. મોક્ષ પામતા જીવની દૂરના ચારિત્રથી અપેક્ષાએ કયા પ્રકારના ચારિત્રની મુખ્યતા હોય છે ?
૪૯. સામાયિક ચારિત્ર કોને કહે છે ?
૫૦. સામાયિક ચારિત્ર કયા પ્રકારના જીવને હોય છે ?
૫૧. છેદોપસ્થાપના ચારિત્ર કોને કહે છે ?
૫૨. છેદોપસ્થાપના ચારિત્ર કયા પ્રકારના જીવને હોય છે ?
૫૩. પરિહારવિશુદ્ધિ ચારિત્ર કોને કહે છે ?
૫૪. પરિહારવિશુદ્ધિ ચારિત્રનો ધારક જીવ કેવો હોય છે ?
૫૫. પરિહારવિશુદ્ધિ ચારિત્ર કોને હોય છે ?
૫૬. સૂક્ષ્મસાંપરાય ચારિત્ર કોને કહે છે ?
૫૭. કયા જીવને સૂક્ષ્મસાંપરાય ચારિત્ર હોય છે ?
૫૮. યથાખ્યાત ચારિત્ર કોને કહે છે ?
૫૯. કયા પ્રકારના ચારિત્રમાંથી પસાર થઈને મોક્ષ જનારા જીવો સૌથી વધુ હોય છે ?
૬૦. પ્રતિબોધ કોને કહે છે ?
૬૧. નિશ્ચયનયે પ્રતિબોધના આધારે સિદ્ધોના ભેદ શા માટે નથી ?
૬૨. વ્યવહારનયે પ્રતિબોધના આધારે સિદ્ધોના ભેદ કઈ રીતે છે ?
૬૩. વ્યવહારથી પ્રતિબોધ કયા બે પ્રકારનો હોય છે ?
૬૪. બોધિતબુદ્ધ કોને કહે છે ?
૬૫. પ્રત્યેકબુદ્ધ કોને કહે છે ?
૬૬. કયા પ્રતિબોધના આધારે મોક્ષ જનારા જીવો સૌથી વધુ હોય છે ?
૬૭. જ્ઞાન કોને કહે છે ?
૬૮. જ્ઞાનના કેટલા પ્રકાર છે ? કયા કયા ?
૬૯. નિશ્ચયનયે જ્ઞાનની અપેક્ષાએ સિદ્ધોના ભેદ શા માટે નથી ?
૭૦. વ્યવહારનયે જ્ઞાનની અપેક્ષાએ સિદ્ધોના ભેદ કઈ રીતે છે ?
૭૧. કોઈ જીવને ત્રણ જ્ઞાન હોય તો તે ત્રણ જ્ઞાન કયા હોય છે ?
૭૨. કેટલા પ્રકારના જ્ઞાનથી મોક્ષ પામનારા જીવો સૌથી વધુ હોય છે ?
૭૩. સિદ્ધોના ભેદના આધારભૂત અવગાહના કોને કહે છે ?
૭૪. મોક્ષ પામનારા જીવોની ઉત્કૃષ્ટ અને જઘન્ય અવગાહના કેટલી હોય છે ?
૭૫. નિશ્ચયનયે સર્વ જીવોની અવગાહના કેટલી છે ?
૭૬. નિશ્ચયનયે અવગાહના અપેક્ષાએ સિદ્ધોના ભેદ શા માટે નથી ?
૭૭. વ્યવહારનયે અવગાહના અપેક્ષાએ સિદ્ધોના ભેદ કઈ રીતે છે ?
૭૮. વર્તમાન અવસર્પિણીકાળમાં ઉત્કૃષ્ટ અવગાહનાથી મોક્ષ પામનાર કોણ છે?
૭૯. મહાવીર ભગવાનની અવગાહના કેટલી હતી ?
૮૦. કઈ પ્રકારની અવગાહનાથી મોક્ષ પામનારા જીવો સૌથી વધુ હોય છે ?
૮૧. સિદ્ધદશાના સંદર્ભનું અંતર એટલે શું ?
૮૨. નિશ્ચયનયે અંતર અપેક્ષાએ સિદ્ધોના ભેદ શા માટે નથી ?
૮૩. વ્યવહારનયે અંતર અપેક્ષાએ સિદ્ધોના ભેદ કઈ રીતે છે ?
૮૪. નિરંતર અને સાંતર પ્રકારના સિદ્ધો કોને કહે છે ?
૮૫. અંતર અપેક્ષાએ કયા પ્રકારના સિદ્ધો સૌથી વધુ હોય છે ?
૮૬. સિદ્ધોના ભેદના આધારભૂત સંખ્યા કોને કહે છે ?
૮૭. સંખ્યાને મુખ્ય કયા ત્રણ પ્રકારે દર્શાવાય છે ?
૮૮. નિશ્ચયનયે સંખ્યા અપેક્ષાએ સિદ્ધોના ભેદ શા માટે નથી ?
૮૯. વ્યવહારનયે સંખ્યા અપેક્ષાએ સિદ્ધોના ભેદ કઈ રીતે છે ?
૯૦. એક સમયમાં એક સાથે સિદ્ધદશા પામનારા જીવો સૌથી વધુ કેટલા હોય છે?
૯૧. આ જીવનું એકમાત્ર પ્રયોજન શું છે ?
૯૨. સિદ્ધનું સ્વરૂપ જાણવું શા માટે અત્યંત આવશ્યક છે ?
૯૩. વ્યવહારનયનું પ્રયોજન શું છે ?
૯૪. વ્યવહારનય કઈ રીતે અભૂતાર્થ છે ?

**નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.**

૧. કઈ રીતે સિદ્ધોમાં કોઈ ભેદ હોતા નથી ?
૨. પ્રજ્ઞાપનનય એટલે શું ?
૩. પ્રત્યુત્પન્નનય એટલે શું ?
૪. ક્ષેત્ર અપેક્ષાએ સિદ્ધોના ભેદ વિષેની માહિતિ આપો.
૫. આપણા ભરતક્ષેત્રના સિદ્ધક્ષેત્રની માહિતિ આપો.
૬. કાળ અપેક્ષાએ સિદ્ધોના ભેદ વિષેની માહિતિ આપો.
૭. ગતિ અપેક્ષાએ સિદ્ધોના ભેદ વિષેની માહિતિ આપો.
૮. લિંગ અપેક્ષાએ સિદ્ધોમાં ભેદ વિષેની માહિતિ આપો.
૯. તીર્થ અપેક્ષાએ સિદ્ધોના ભેદ વિષેની માહિતિ આપો.
૧૦. ચારિત્ર અપેક્ષાએ સિદ્ધોના ભેદ વિષેની માહિતિ આપો.
૧૧. પાંચ પ્રકારના ચારિત્રની ટૂંકી માહિતિ આપો.
૧૨. પ્રતિબોધ અપેક્ષાએ સિદ્ધોના ભેદ વિષેની માહિતિ આપો.
૧૩. જ્ઞાન અપેક્ષાએ સિદ્ધોના ભેદ વિષેની માહિતિ આપો.
૧૪. અવગાહન અપેક્ષાએ સિદ્ધોના ભેદ વિષેની માહિતિ આપો.
૧૫. અંતર અપેક્ષાએ સિદ્ધોના ભેદ વિષેની માહિતિ આપો.
૧૬. સંખ્યા અપેક્ષાએ સિદ્ધોના ભેદ વિષેની માહિતિ આપો.
૧૭. સિદ્ધ ભગવાનના સાચા સ્વરૂપને સમજવાથી પોતે મોક્ષમાર્ગમાં પ્રવેશી મોક્ષદશાને પ્રાપ્ત કઈ રીતે કરી શકે છે તે બાબત સમજાવો.

**વિદ્યાર્થીઓની જુથપ્રવૃત્તિ**

૧. પ્રકરણની રૂપરેખામાંથી કોઈ એક મુદ્દાને પસંદ કરી તેના ઉપર પ્રોજેક્ટ તૈયાર કરો.
૨. સિદ્ધ ભગવાનની પૂજા કરો.
૩. કોઈ પ્રસંગે યોજાતા સિદ્ધચક્ર મંડલ વિધાન પૂજન મહોત્સવમાં ભાગ લ્યો.

**શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ**

૧. તીર્થક્ષેત્ર અને સિદ્ધક્ષેત્ર વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
૨. જિનપ્રતિમા અને સિદ્ધપ્રતિમા વચ્ચેનો તફાવત સમજાવો.
૩. કુંદકુંદકાર્યકૃત સિદ્ધસ્તુતિનું પઠન કરી તેના આધારે સિદ્ધનું સ્વરૂપ સમજાવો.